# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.

સંલગ્ન કોલેજોમાં વિનયન, વાણિજય, વિજ્ઞાન, મેનેજમેન્ટ (સંચાલન) અને હોમ સાયન્સ અને એમ.એસસી. (સી.એ. એન્ડ આઈ.ટી.) વિદ્યાશાખામાં પૂર્વસ્નાતક કક્ષાએ પ્રથમ સેમેસ્ટરમાં ડીપ્લોમાં હેલ્થ એન્ડ સેનેટરી, ડીપ્લોમાં ફાયર સેફટી મેનેજમેન્ટમાં પ્રવેશ આપવાના નિયમો

---

## ૧. સ્નાતક કક્ષાએ પ્રવેશપાત્રતા બાબત :

આ યુનિવર્સિટીના વિનયન, વાણિજય, વિજ્ઞાન, મેનેજમેન્ટ (સંચાલન) અને ગૃહ વિજ્ઞાન, બી.એસસી., બી.એસસી. (હોમ સાયન્સ), બી.એસ.ડબલ્યુ., બી.આર.એસ., એમ.એસસી., (સી.એ. એન્ડ આઈ.ટી.), ડીપ્લોમાં હેલ્થ એન્ડ સેનેટરી, ડીપ્લોમાં ફાયર સેફટી મેનેજમેન્ટ વિદ્યાશાખાઓના પ્રથમ સેમેસ્ટર માટે પ્રવેશ મેળવવાની પાત્રતાનું ધોરણ નીચે પ્રમાણે રહેશે.

**(I) પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવવા માટે (૧૦+૨) પ્રવેશાર્થીએ ગુજરાત રાજય માધ્યમિક બોર્ડ દ્વારા અથવા સરકાર માન્ય બોર્ડ દ્વારા જેની યુનિવર્સિટીએ માન્યતા આપેલ છે. તેમાં ઉર્ત્તીણ (પાસ) થયેલ હોવો જોઈએ.**

**(II) ધોરણ–૧૦ પાસ કરી ત્રણ વર્ષના ડીપ્લોમા એન્જીનીયરીંગ વિદ્યાશાખાની વિવિધ પરીક્ષા ગુજરાત રાજયમાંથી ઉર્ત્તીણ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓને ધોરણ–૧૨ સમકક્ષ ગણી પ્રથમ સેમેસ્ટરમાં મેરીટના ધોરણે પ્રવેશ આપી શકાશે.**

(ક) પ્રથમ સેમેસ્ટર બી.એ./ફાઈન આર્ટસમાં પ્રવેશ મેળવવા માટે પ્રવેશાર્થીએ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ઉચ્ચત્તર માધ્યમિક શાળાંત પરીક્ષા કે યુનિવર્સિટીએ તેની સમકક્ષ ગણેલ પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ.

(ખ) પ્રથમ સેમેસ્ટર બી.એસ.સી.માં પ્રવેશ મેળવવા માટે પ્રવેશાર્થીએ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ઉચ્ચત્તર માધ્યમિક શાળાંત (વિજ્ઞાન પ્રવાહ) પરીક્ષા કે યુનિવર્સિટીએ તેની સમકક્ષ ગણેલી પરીક્ષા જે સ્ટ્રીમના વિષયો હોય તે વિષયમાંજ પ્રવેશ આપી શકાશે.

પ્રથમ સેમેસ્ટર બી.એસ.સી. (બાયોટેકનોલોજી)માં ધોરણ–૧૨ (વિજ્ઞાન પ્રવાહ) 'એ' અને 'બી' બન્ને ગ્રૃપના વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે. (પરિપત્ર–૧૪/૨૦૧૦ જા.નં.એકે/અ.સ./૩૨૭/૨૦૧૦, તા.૧૨/૧/૨૦૧૦

(ગ) પ્રથમ સેમેસ્ટર બી.કોમ.માં પ્રવેશ મેળવવા માટે પ્રવેશાર્થીએ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ઉચ્ચત્તર માધ્યમિક શાળાંત પરીક્ષા કે યુનિવર્સિટીએ તેની સમકક્ષ ગણેલ પરીક્ષા નીચેના વિષયો સાથે ઉત્તીર્ણ કરેલ હોવી જોઈએ.

(૧) નામાના મૂળતત્વો (એકાઉન્ટન્સી) (૨) વાણિજય સંચાલન તથા આ પૈકી કોઈપણ એક વિષય (૩) અર્થશાસ્ત્ર (૪) વાણિજય ગણિત (૫) આંકડાશાસ્ત્ર (૬) બેંકિંગ

Hemchandracharya North Gujarat University Patan

(ઘ) પ્રથમ સેમેસ્ટર ગૃહવિજ્ઞાનમાં પ્રવેશ મેળવવા માટે પ્રવેશાર્થીએ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ઉચ્ચત્તર માધ્યમિક શાળાંત પરીક્ષા કે યુનિવર્સિટીએ તેની સમકક્ષ ગણેલ પરીક્ષા પાસ કરેલી હોવી જોઈએ.

(ચ) બી.એસ.ડબલ્યુ. પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવવા માટે પ્રવેશાર્થીએ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ઉચ્ચત્તર માધ્યમિક શાળાંત પરીક્ષા કે યુનિવર્સિટીએ તેની સમકક્ષ ગણેલ પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ.

(છ) પ્રથમ સેમેસ્ટર બી.બી.એ., બી.સી.એ., એમ.એસસી.(સી.એ. એન્ડ આઈ.ટી.) માં પ્રવેશ મેળવવા માટે પ્રવેશાર્થીએ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ઉચ્ચતર માધ્યમિક શાળાંત (વિજ્ઞાન કે સામાન્ય પ્રવાહની) પરીક્ષા કે યુનિવર્સિટીએ તેની સમકક્ષ ગણેલ પરીક્ષા અંગ્રેજી સાથે ઉત્તીર્ણ કરેલ હોવી જોઈએ.

(જ) ધોરણ–૧૦ પાસ કરી ત્રણ વર્ષના ડીપ્લોમા એન્જીનીયરીંગ વિદ્યાશાખાની વિવિધ પરીક્ષા ગુજરાત રાજ્યમાંથી ઉર્ત્તીણ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓને ધોરણ–૧૨ સમકક્ષ ગણી પ્રથમ સેમેસ્ટરમાં મેરીટના ધોરણે પ્રવેશ આપી શકાશે.

૨. **B.R.S. પ્રવેશના નિયમો અંગે.**

(૧) ધોરણ–૧૨ પાસ અથવા કૃષિ ડિપ્લોમા અથવા પોલીટેકનીક હોમ સાયન્સના ડિપ્લોમા હોવા જોઈએ. (ધોરણ–૧૨ સમકક્ષ)

(૨) ધોરણ–૧૦ પછીનો સરકાર માન્ય કૃષિ ડિપ્લોમા અથવા પોલીટેકનીક અથવા ગૃહવિજ્ઞાનમાં ડિપ્લોમા પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ. (ધોરણ–૧૨ સમકક્ષ)

૩. **B.S.W. પ્રવેશના નિયમો અંગે.**

(૧) સરકાર માન્ય કોઈપણ બોર્ડમાંથી ધોરણ–૧૨ પાસ કરનાર વિદ્યાર્થી

(૨) B.S.W. પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવવા માટે પ્રવેશાર્થીએ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ઉચ્ચત્તર માધ્યમિક શાળાંત પરીક્ષા કે યુનિવર્સિટીએ તેની સમકક્ષ ગણેલ પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ. (ધોરણ–૧૨ સમકક્ષ)

૪. **ગૃહવિજ્ઞાન (Home Science) પ્રવેશના નિયમો અંગે.**

(૧) સરકાર માન્ય કોઈપણ બોર્ડમાંથી ધોરણ–૧૨ પાસ કરનાર વિદ્યાર્થી

(૨) ગૃહવિજ્ઞાન (Home Science) પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવવા માટે પ્રવેશાર્થીએ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ઉચ્ચત્તર માધ્યમિક શાળાંત પરીક્ષા કે યુનિવર્સિટીએ તેની સમકક્ષ ગણેલ પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ. (ધોરણ–૧૨ સમકક્ષ)

Hemchandracharya North Gujarat University
Patan

૫. **B.Sc. પ્રવેશના નિયમો અંગે.**

(૧) સરકાર માન્ય કોઈપણ બોર્ડમાંથી ધોરણ–૧૨ (વિજ્ઞાન પ્રવાહ) પાસ કરનાર વિદ્યાર્થી

(૨) પ્રવેશ પાત્રતા :

| ક્રમ | B.Sc. માં મુખ્ય વિષય | ધોરણ–૧૨માં જરૂરી વિષય |
|---|---|---|
| ૧. | મેથેમેટિક્સ | મેથેમેટિક્સ |
| ૨. | માઈક્રોબાયોલોજી | બાયોલોજી |
| ૩. | બોટની | બાયોલોજી |
| ૪. | ઝુલોજી | બાયોલોજી |
| ૫. | બાયોટેકનોલોજી | બાયોલોજી |
| ૬. | કેમિસ્ટ્રી | કેમિસ્ટ્રી |
| ૭. | ફીઝીક્સ | ફીઝીક્સ |
| ૮. | સ્ટેટસ્ટિક્સ | મેથેમેટિક્સ |

૬. **ડીપ્લોમાં હેલ્થ એન્ડ સેનેટરીમાં પ્રવેશના નિયમો અંગે.**

(૧) કોઈપણ વિદ્યાશાખામાં ધોરણ–૧૨ (૧૦+૨) પાસ કરેલ હોવું જોઈએ અથવા સમકક્ષ પાસ કરેલ હોવું જોઈએ.

૭. **ડીપ્લોમાં ફાયર સેફટી મેનેજમેન્ટમાં પ્રવેશના નિયમો અંગે.**

(૧) કોઈપણ વિદ્યાશાખામાં ધોરણ–૧૨ (૧૦+૨) પાસ કરેલ હોવું જોઈએ અથવા સમકક્ષ પાસ કરેલ હોવું જોઈએ.

૮. **પ્રવેશ માટેની બેઠકોની ફાળવણી :**

ક. વિનયન, વાણિજય, વિજ્ઞાન વિદ્યાશાખાના પ્રથમ વર્ષ માટે કોલેજમાં જેટલા ડિવિઝન યુનિવર્સિટી તરફથી મંજૂર થયા હશે તેટલા જ ડિવિઝનોમાં પ્રવેશ આપી શકાશે. જે–તે વિદ્યાશાખામાં પ્રથમ વર્ષ માટે જેટલા ડિવિઝન યુનિવર્સિટી તરફથી મંજૂર કરેલ હશે તેટલા જ ડીવીઝનમાં યુનિવર્સિટી દ્વારા મંજૂર કરેલ પ્રવેશ ક્ષમતા જેટલા જ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનાં રહેશે.

ખ. પ્રથમ સેમેસ્ટર વિનયનના વર્ગમાં ઉચ્ચત્તર માધ્યમિક શાળાંત પરીક્ષાની વિવિધ પ્રવાહોની પરીક્ષા પસાર કરેલા પ્રવેશાર્થીઓ માટે નીચે પ્રમાણે બેઠકો ફાળવવાની રહેશે.

૯. **બેઠકોની ફાળવણી :**

Hemchandracharya North Gujarat University
Patan

(ક) <u>અનામત બેઠકોની ફાળવણી :</u> (તમામ વિદ્યાશાખા માટે)

અનામત બેઠકોની ફાળવણી રાજય સરકારના વખતો–વખતના નિયમો અનુસાર અનામત રાખી ભરવાની રહેશે.

(૧) કોલેજની કુલ પ્રવેશ બેઠકોમાંથી રાજય સરકારના વખતો–વખતના નિયમ પ્રમાણે અનામત બેઠકો ફાળવવાની રહેશે.

(૨) પ્રવેશ યાદીમાંથી પ્રથમ બિનઅનામત બેઠકો ગુણાનુક્રમ પ્રમાણે ભરવાની રહેશે. તેમાં જો અનામત પ્રવેશાર્થીઓનો સમાવેશ થતો હશે તો, તેવા પ્રવેશાર્થીઓની પ્રવેશ અનામત બેઠક પર ગણાશે નહી.

(૩) બિન અનામત બેઠકો પર પ્રવેશ અપાઈ જાય, ત્યારબાદ બાકી રહેલી ગુણાનુક્રમ યાદીમાંથી ગુણાનુક્રમે જે–તે અનામત કક્ષાના પ્રવેશાર્થીઓને તેમની અનામત બેઠકોની સંખ્યાની મર્યાદામાં પ્રવેશ અપાશે.

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટેની અનામત બેઠકો સિવાયની બેઠકો માટે પ્રવેશાર્થી ગુણાનુક્રમ યાદી પર બાકી ન રહેતો હોય અને કોઈ બેઠક ખાલી રહેતી હોય તો એ બેઠક ગુણાનુક્રમ યાદીમાંના બિન અનામત પ્રવેશાર્થીઓ વડે ગુણાનુક્રમે ભરવામાં આવશે.

(૪) અનુસૂચિત જાતિ માટેની કોઈ અનામત બેઠકો માટે કોઈ પ્રવેશાર્થી બાકી ન હોય અને બેઠકો ખાલી રહેતી હોય તો તે બેઠકો ગુનાનુક્રમ યાદી પર બાકી રહેલા બિન અનામત પ્રવેશાર્થીઓ વડે ભરવાની રહેશે. એજ રીતે અનુસૂચિત જનજાતિ માટેની ખાલી રહેતી અનામત બેઠકો એસ.ટી. વિચરતી જાતિના પ્રવેશાર્થીઓ વડે ભરવાની રહેશે. આમ કરતાં પણ આ જાતિઓ માટેની કોઈ અનામત બેઠક ખાલી રહેતી હોય તો તેને ગુણાનુક્રમ યાદીમાંના બિન અનામત પ્રવેશાર્થીઓ વડે ગુણાનુક્રમે ભરવાની રહેશે.

(૫) પ્રથમ વર્ષનાં પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ આપતી વખતે અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થી સમાજ કલ્યાણ ખાતાના પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ મેળવવા માટેના નિયત અરજીપત્રકના જોડાણ–૧ અન્વયેનું જાતિ અને આવકનું સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજૂ કરે તો આવા વિદ્યાર્થી પાસે ફીનો આગ્રહ રાખવો નહી.

(૬) પ્રથમ વર્ષનાં પ્રથમ સેમેસ્ટરમાં અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિ (વિચરતી જાતિ) વિમુકત જાતિના વિદ્યાર્થીઓ સમાજ કલ્યાણ ખાતાના પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ મેળવવા માટેના નિયત અરજીપત્રકના જોડાણ–૧ અન્વયે અનુસૂચિત જાતિ અને આવકનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરે તો તેવા વિદ્યાર્થીઓ પાસેથી ફી / ફ્રીશીપ કાર્ડ (બી.સી. કાર્ડ)નો આગ્રહ રાખવો નહી.

## ૧૦. <u>ગુણાનુક્રમ (મેરીટ) યાદી બનાવવા બાબત :</u>

Hemchandracharya North Gujarat University
Patan

(ક) પ્રથમ પ્રવેશાર્થીના ઉચ્ચત્તર માધ્યમિક પરીક્ષાના ગુણપત્રકમાંના કુલ પ્રાપ્ત કરેલા ગુણ લેવા.

(ખ) બી.આર.એસ. પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ માટે ધોરણ–૧૨ માં ઉત્તર બુનિયાદી પ્રવાહના વિદ્યાર્થીઓને મેરીટમાં વધારાના ૨૦ ગુણ ગણવામાં આવશે.

**નોંધ:** (૧) શાળા છોડયાના પ્રમાણપત્રમાં દર્શાવેલ શાળા છોડયાની તારીખ (શાળા છોડયાનું પ્રમાણપત્ર આપ્યાની તારીખ નહી પણ વિદ્યાર્થીએ ધોરણ–૧૧ ના સત્ર ભર્યા હોય તે વર્ષના અંતની તારીખ) પછી તરત જ આવતી ઉચ્ચ માધ્યમિક પરીક્ષાને તેની પ્રથમ પરીક્ષા ગણવી અને વિદ્યાર્થીએ જે–તે પરીક્ષા આપી હોય કે ન આપી હોય તો પણ શાળા છોડયાની તારીખથી શરૂ કરીને વિદ્યાર્થીને ઉચ્ચત્તર માધ્યમિક પરીક્ષા પાસ કરી હોય ત્યાં સુધીના સમયગાળામાં ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ માર્ચ અને ઓકટોબરની બધીજ પરીક્ષાઓ જેટલા પ્રયત્નો ગણવાના રહેશે અને આવા પ્રત્યેક પ્રયત્નના પ્રથમ પ્રયત્નમાં ૦ ટકા કપાત, બીજા પ્રયત્નમાં ૨ ટકા કપાત, ત્રીજા પ્રયત્નમાં ૪ ટકા કપાત અને ત્રણ કરતાં વધુ પ્રયત્ને ૬ ટકા કપાત પ્રમાણેના ટકા કાપવાના રહેશે.

(૨) વિષય મુકિત (Exemption) સાથે એક કરતાં વધુ પ્રયત્ને ઉચ્ચત્તર માધ્યમિક પરીક્ષા પાસ કરનાર પરીક્ષાર્થીએ જે–તે વિષય પાસ કરતી વખતે મેળવેલ ગુણની ગણતરીમાં લઈને કુલ પ્રાપ્ત ગુણ ગણવા.

ઉપર (ક) (ખ) ના ગુણનો સરવાળો કરી સરવાળાના ઉતરતાં ક્રમમાં પ્રવેશાર્થીઓના નામ ગોઠવી એક સળંગ ગુણાનુક્રમ યાદી બનાવવાની રહેશે અને તે યાદી મુજબ પ્રવેશ આપવાનો રહેશે.

## ૧૧. <u>પ્રવેશ આપવાની પ્રવિધિ બાબત :</u>

(૧) કોલેજમાં પ્રવેશ આપવાનો અધિકાર ફકત આચાર્યશ્રીને જ છે અને આચાર્યશ્રીની સહી સિક્કાથી અપાયેલ પ્રવેશ જ અધિકૃત ગણાશે.

(૨) પ્રવેશ આપવાની પ્રક્રિયા શરૂ કર્યા પહેલાં પ્રવેશના નિયમો કોલેજના નોટીસ બોર્ડ પર મૂકવાના રહેશે.

(૩) પ્રવેશ યાદીના રાઉન્ડ અંગે GCAS ની વખતો–વખતની સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૪) ગુજરાત સેકન્ડરી એજયુકેશન બોર્ડ, ગાંધીનગર સિવાય બોર્ડમાંથી એચ.એસ.સી. પરીક્ષા પાસ કરી આવનાર વિદ્યાર્થીને આ યુનિવર્સિટીમાંથી કામચલાઉ પ્રવેશ પાત્રતાનું પ્રમાણપત્ર મેળવી લીધા બાદ પ્રવેશ આપવાનો રહેશે.

## ૧૨. <u>ફી અંગે :</u>

Hemchandracharya North Gujarat University Patan

(૧) ટ્યુશન ફી : રાજ્ય સરકાર/યુનિવર્સિટી દ્વારા વખતો–વખત નક્કી કર્યા મુજબની ટ્યુશન ફી લેવાની રહેશે.

(૨) ટ્યુશન ફી સિવાયની અન્ય ફી યુનિવર્સિટીના પ્રવર્તમાન ઓર્ડિનન્સની જોગવાઈ અનુસાર લેવાની રહેશે.

**આ સિવાયની કોઈપણ વધારાની ફી કોલેજ લઈ શકશે નહિ.**

(૩) ફી પરત કરવાના કેસોમાં પ્રવર્તમાન UGC FEE REFUND POLICY ની જોગવાઈ અનુસાર કાર્યવાહી કરવાની રહેશે.

**૧૩. ઉપલા સેમેસ્ટરમાં પ્રવેશ બાબત :**

(૧) યુનિવર્સિટીની મંજૂરીની અપેક્ષાએ કોલેજ નિયત સંખ્યા કરતાં વધારાના કોઈપણ વિદ્યાર્થીને પ્રવેશ આપી શકાશે નહી.

**૧૪.** પ્રવેશ અંગેના નિયમોનું ઉલ્લંઘન કરીને જે પ્રવેશ અપાયા હશે તે અંગેની કાયદાકીય તેમજ યુનિવર્સિટી સંબંધિત સઘળી જવાબદારી આચાર્યશ્રીની રહેશે.

**૧૫.** પ્રવેશ સંબંધી કોઈ વિવાદ હશે તો તે અંગે કુલપતિશ્રીનો નિર્ણય આખરી ગણાશે અને તે સૌને બંધનકર્તા રહેશે.

**૧૬.** જે કોલેજમાં જે વિષયનું જોડાણ ન હોય અથવા જોડાણ હોય તો પણ તે વિષયમાં કાર્યભાર અનુસારના શિક્ષકો ન હોય તેવા વિષય માટે જે–તે કોલેજ વિદ્યાર્થીને પ્રવેશ આપી શકશે નહી.

**૧૭.** આ નિયમો બીજા કોઈ હુકમો ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

**કુલસચિવ**

નં.એકે/પ્રવેશ/૧૧૦૮/૨૦૨૪
યુનિવર્સિટી રોડ, પો.બો.નં.૨૧
પાટણ–૩૮૪૨૬૫
તા. ૦૭/૦૬/૨૦૨૪

Hemchandracharya North Gujarat University * Patan *

**પ્રતિ,**
યુનિવર્સિટી સંલગ્ન વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન મેનેજમેન્ટ (સંચાલન) અને હોમ સાયન્સ વિદ્યાશાખાની કોલેજના આચાર્યશ્રીઓ તરફ

**નકલ રવાના :**
પરીક્ષા નિયામકશ્રી તરફ.

# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.

- **Provision for Reserved Category Candidates :**

  **અનામત શ્રેણીના ઉમેદવારો માટે જોગવાઈ**

**Reservation of Seats:** In order to take advantage of admission to any of the reserved category seats, the students shall have to submit the valid certificate required for the concerned category from the competent authority. The reservation of seats shall be as follows:

**બેઠકોનું આરક્ષણ:** કોઈપણ અનામત શ્રેણીની બેઠકો પર પ્રવેશનો લાભ લેવા માટે, વિદ્યાર્થીઓએ સક્ષમ અધિકારી પાસેથી સંબંધિત શ્રેણી માટે જરૂરી માન્ય પ્રમાણપત્ર સબમિટ કરવાનું રહેશે. બેઠકોનું આરક્ષણ નીચે મુજબ રહેશે.

| Sr. No. | Category | Percentage of Reservation |
|---|---|---|
| 1. | SC | 7% |
| 2. | ST | 15% |
| 3. | SEBC | 27% |
| 4. | EWS | 10% Supernumerary Seats (33% out of this 10% for Girls) |
| 5. | Physically Disabled Candidate | 5% (Within Category) |
| 6. | Sports/Cultural Quota | 2% Supernumerary Seats |
| 7. | Ex-Serviceman/Defense Personnel | 1% Supernumerary Seats |
| 8. | Kashmiri Immigrant | 1 Seat (Supernumerary Seats) |

(1) PH – 5% in each category (Only disabilities above 40% are entitled, on the production of a certificate from the competent authority) In the case of SC/ST/SEBC reservation, the candidate must belong to Gujarat State and should produce the certificate issued by the competent authority of the state government.

Hemchandracharya North Gujarat University * Patan

PH – દરેક કેટેગરીમાં ૫% (ફક્ત ૪૦% થી વધુ વિકલાંગો જે હક્કદાર છે, સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ પ્રમાણપત્રના આધારે) SC/ST/SEBC અનામતના કિસ્સામાં, ઉમેદવાર ગુજરાત રાજ્યનો હોવો જોઈએ અને તે મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવું જોઈએ. રાજ્ય સરકારના સક્ષમ અધિકારી દ્વારા જારી કરવામાં આવેલ છે.

(2) The Quota for the Reserved Category is to be followed as per prevalent rules of Government of Gujarat. Admission in the Reserved Category shall be in the proportion of the total number of seats. Candidates who have applied for a particular reserved category shall be considered under their respective categories.

અનામત વર્ગ માટેનો ક્વોટા ગુજરાત સરકારના પ્રચલિત નિયમો મુજબ અનુસરવાનો છે. અનામત કેટેગરીમાં પ્રવેશ કુલ બેઠકોની સંખ્યાના પ્રમાણમાં રહેશે. ઉમેદવારો કે જેમણે ચોક્કસ અનામત શ્રેણી માટે અરજી કરી હોય તેમને તેમની સંબંધિત શ્રેણીઓ હેઠળ ગણવામાં આવશે.

(3) If a student of reserved category gets admission on unreserved seat in order of merits, he/she may be given admission on the unreserved seat.

જો અનામત કેટેગરીના વિદ્યાર્થી મેરીટના ક્રમમાં બિન અનામત બેઠક પર પ્રવેશ મેળવે છે, તો તેને બિન અનામત બેઠક પર પ્રવેશ આપવામાં આવશે.

(4) The admission of a student of a reserved category on a reserved seat shall be valid subject to the verification of caste certificate/income certificate by the authority empowered by the University in this behalf. In case the caste certificate/income certificate is found invalid at the time of verification, he/she shall not have right to claim his/her admission on reserved seat and if he/she has already been granted admission, such admission shall be cancelled.

અનામત બેઠક પર અનામત વર્ગના વિદ્યાર્થીનો પ્રવેશ માટે યુનિવર્સિટી દ્વારા સત્તા આપવામાં આવેલ સત્તાધિકારી દ્વારા જાતિ પ્રમાણપત્ર/આવકના પ્રમાણપત્રની ચકાસણીને આધીન માન્ય રહેશે. જો ચકાસણી સમયે જાતિ પ્રમાણપત્ર/આવકનું પ્રમાણપત્ર અમાન્ય જણાય તો, તેને/તેણીને અનામત બેઠક પર તેના/તેણીના પ્રવેશનો દાવો કરવાનો અધિકાર રહેશે નહી અને જો તેને/તેણીને પહેલેથી જ પ્રવેશ આપવામાં આવ્યો હોય, તો આવા પ્રવેશને રદ કરવામાં આવશે.

(5) After granting admission to all the students of reserved categories on respective reserved seats, the vacant reserved category seats of Scheduled Caste (SC) (if any) shall be transferred to the seats of Scheduled Tribes (ST) and similarly, the vacant reserved category seats of Scheduled Tribe (ST) shall be transferred to the seats of Scheduled Caste (SC).

Hemchandracharya North Gujarat University * Patan *

અનામત કેટેગરીના તમામ વિદ્યાર્થીઓને સંબંધિત અનામત બેઠકો પર પ્રવેશ મંજૂર કર્યા પછી, અનુસૂચિત જાતિ (SC) (જો કોઈ હોય તો) ની ખાલી અનામત શ્રેણીની બેઠકો અનુસૂચિત જનજાતિ (ST) ની બેઠકોમાં તબદીલ કરવામાં આવશે અને તેવી જ રીતે, ખાલી અનામત શ્રેણીની બેઠકો, અનુસૂચિત જનજાતિ (ST) ની અનુસૂચિત જાતિ (SC) ની બેઠકો પર સ્થાનાંતરિત કરવામાં આવશે.

(6) No Caste Certificate shall be valid unless it is duly stamped, signed and issued by the authority empowered by the Government of Gujarat.

કોઈપણ જાતિ પ્રમાણપત્ર માન્ય ગણાશે નહી સિવાય કે તેના પર ગુજરાત સરકાર દ્વારા સત્તાધિકારી દ્વારા યોગ્ય સ્ટેમ્પ, સહી અને જાહેર કરવામાં આવેલ હોય.

(7) Non-creamy Layer Certificate should be duly stamped, signed and issued by the authority empowered by the Government of Gujarat. It should be valid for 2024-25.

નોન–ક્રીમીલેયર સર્ટિફીકેટ ગુજરાત સરકાર દ્વારા અધિકૃત સત્તાધિકારી દ્વારા યોગ્ય સ્ટેમ્પ, સહી/સિક્કા સાથે આપવામાં આવેલ હોવું જોઈએ અને તે વર્ષઃ ૨૦૨૪–૨૫ માટે માન્ય હોવું જોઈએ.

(8) If a student fails to submit the certificates of Caste/Non-Creamy Layer as required within the stipulated time, his/her candidature shall be considered for admission under unreserved category.

જો કોઈ વિદ્યાર્થી નિયત સમયમાં જરૂરીયાત મુજબ જાતિ/નોન–ક્રીમીલેયરના પ્રમાણપત્રો સબમિટ કરવામાં નિષ્ફળ જાય, તો તેની/તેણીની ઉમેદવારી બિન અનામત શ્રેણી હેઠળ પ્રવેશ માટે ધ્યાનમાં લેવામાં આવશે.

(9) Ten percentage of Reservation under Economically Weaker Sections (EWSs) category is an addition in the total intake capacity, out of which 33% would be reserved for female candidate.

આર્થિક રીતે નબળા વિભાગો (EWSs) કેટેગરી હેઠળ અનામતના દસ ટકા એ કુલ બેઠકોથી વધારાની સુપરન્યુમરી છે, જે પૈકી ૩૩% બેઠકો મહિલા ઉમેદવારો માટે આરક્ષિત રહેશે.

Hemchandracharya North Gujarat University * Patan *

**કુલસચિવ**

**પ્રતિ,**

યુનિવર્સિટી સંલગ્ન વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન મેનેજમેન્ટ (સંચાલન) અને હોમ સાયન્સ વિદ્યાશાખાની કોલેજના આચાર્યશ્રીઓ તરફ

**નકલ રવાના :**

પરીક્ષા નિયામકશ્રી તરફ.